સાલ : ૨૧ / સિલસિલાવાર નંબર : ૧૭૫ / શુમારો : ૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

ફુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

મોહર્રમુલ હરામ - સફરૂલ મુઝફ્ફર ૧૪૪૫ / જૂલાઇ-ઓગષ્ટ ૨૦૨૩

## ચાર અરકાન

ઝિંદગીની તરક્કી અને સાથે આબાદી આમને આમ થાતી નથી. તે વાસ્તે સાફ સોચ, સીધી રાહ, ઉમ્મીદ, પાક નિય્યત, ઈલ્મ અને તજરૂબો દરકાર હોય છે, અસાસી ચીઝો હોય છે. હર કોઈ એમ સોચે છે કે, એ કામિયાબ થાય, હર અસ્બાબ એના પાસે હોય, દુનિયાની રાહત એના કદમોમાં હોય, ઝમાનો એનો મોહતાજ હોય, લોગોમાં એની શોહરત હોય. આ તમામના રસ્તા એક ચીઝ તરફ જાય છે, અને તે છે દૌલત. આ દૌલત તે છે કે, જેથી દુનિયાની હર ચીઝ ખરીદી શકાય છે. દુનિયાદારીનો આ મીઠો લુકમો એક દીનદાર મુખ્લિસ મુમિન ને ઘણો જ કડવો લાગે છે.

કુરઆને કરીમની સનદથી એ જાણે છે કે, દુનિયા ઝીનત-ઝૈબ નું ઘર છે. તે હર વક્ત બદલતી રહે છે. તેમાં કોઈ સિબાત નથી. તેની હર ચીઝનો વક્ત છે. **હર ચીઝ ફાની છે. જે આજે છે તે કાલે નથી.** રિશ્તાઓ જે જોડાઈ છે તે તરત તૂટી જાય છે. દૌલત કે જેમાં ભારી ફાયદો નઝર આવે છે તે અચાનક નુકસાનમાં બદલાઈ જાય છે. જે લોગો આજે તમારા છે, તેઓ કાલે કયો રૂખ કરશે તે તમને ખબર નથી. જે દૌલતના માલિક આજે તમેં છે, તે કાલે કોનું દામન ઈખ્તિયાર કરશે તે તમને ખબર નથી.

**ફોયૂઝાતે બુકા અને સાલે નૌ ની આમદ – હિ.૧૪૪૫**

**કારેઇન મુઅઝ્ઝેઝીનને હિ.૧૪૪૫ નું નવું સાલ મુબારક થાય. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દોઆએ બાઅસરના સબબ અલ્લાહતઆલા મોહર્રમુલ હરામ મહીનાના પહેલા દસકા-અશરહ મુબારકહ માં હુસૈનીઓ-માતમદારો પર આહોઝારી અને અશ્કબારીની જન્નતી બારિશ વરસાવે છે. મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ની આ બરકતના સબબ હમારી શફાઅત છે અને ઊંચા દરજાત છે, જેની શરફયાબી અને ફઝલનવાઝી જમાઅતે અલવીયહના તમામ મુમેનીનને મુબારક થાય.**

તો પછી આ બેસિબાતીની દુનિયામાં કઈ એવી ચીઝો છે, જે ઈન્સાન વાસ્તે ફાયદો કરશે અને તે એના સાથે હમેશા-હમેશા રહેશે. આ સવાલના જવાબમાં સૈયેદુશ્શોહદા મૌ.ઈમામ હુસૈન (અ.સ.) સૂરતુલ અસ્રના ઝરીએ મુમેનીનને ઘણો જ આઅલા પૈગામ આપે છે. આપ મૌલાની ૧૦ મી મોહર્રમ હિ. ૬૧ ના દિનની શહાદત ચાર અરકાન પર ઊભેલી છે. **આ ચાર થાંભલા મુમેનીન વાસ્તે અઝીમમાં અઝીમ નેઅમત છે.** ઈન્સાનની હર તરહની તરક્કીની ચાવી છે. મુશ્કિલના હર દરવાઝાના તાલા આ ચાર ચીઝોથી ખુલી જાય છે. નજાતના કુશાદા આસ્માનમાં આ ચાર પરિન્દા-સિફત ચીઝોથી ઉડી શકાય છે.

હમારા આકા હુસૈન (અ.સ.) હમને ફરમાવે છે કે, "અય મારા મુમેનીન! તમેં મારા માતમદારો છો. તમેં મારી મુસીબત પર ગમ કરનાર છો. તમેં મારી શહાદત પર આહો ઝારી કરનાર છો. **તમેં મારા નાનાજી ની સુન્નત કે જે મારા પર રોવું છે, તેના પર ચાલનાર છો.** તમારી ઝિંદગી મારી સીરત પર હોવી જોઈએ. મૈં નમાઝ અને કુરઆનને ઝિંદા કીધા. તમેં હરગિઝ નમાઝને ના છોડજો અને કુરઆનને પઢતા રહેજો. આ બેવે ચીઝોના હમેં સાહેબ છે."

(બકીયહ પેજ નં. ૨ પર)

## ખયાનત કરનાર બદસૂરત છે.

(પેજ નં. ૧ નું બાકી)

"અય મારા મુમેનીન ! મેં તમને ઈમાનની, અમલે સાલેહની, હક્કની અને સબરની વસીયત કરૂં છું. ઈમાન હરગિઝ એકલું રહી શકતું નથી. તેને નૈક અમલના સહારાની ઝરૂરત પડે છે. અલ્લાહની રાહમાં જેહાદ કરવી અને જાનો માલને કુરબાન કરવા ઊંચામાં ઊંચો અમલ છે. આ અમલ હમારા ઝરીએ અલ્લાહ તરફ ચઢે છે. જો તમને એકબીજાને ઈમાનના સાયામાં રહીને મદદ કરવી હોય તો તમેં હક્ક અને સબરથી કામ લેજો. આ બેવે ચીઝ અલ્લાહતઆલાને ખૂબ પસંદ છે. અલ્લાહનું દીન અને તેની ઝીનત ચાર અરકાન પર છે. (૧) ઈમાન, (૨) અમલે સાલેહ, (૩) હક્ક અને (૪) સબર."

"અય મારા મુમેનીન ! અલ્લાહતઆલાની તાઅત-ઈબાદત, સબર સાથે જોડાયેલી છે અને તેની માઅસીયત-નાફરમાની-ગુનાહો કુફ્ર સાથે જોડાયેલા છે. જ્યાં સબર હશે ત્યા કુફ્ર નહીં હોય. મારા નાનાજી સાહેબ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના અસ્હાબ માંથી કોઈ બે શખ્સ આપસમાં મુલાકાત કરતા, કોઈ અમર વાસ્તે મિલતા યા સફર પરથી આવીને પોત-પોતાના ઘરો તરફ જાતા અને છુટા પડતા તો એકબીજાને સૂરતુલ અસ્ર, યાઅની "વલ-અસ્રે ઈન્નલ ઈન્સાના ............ સબ્ર", ની સૂરત પઢીને સંભલાવતા. આ જ મુજબ સફર પર જાનારને શહેરમાં રહેનાર મુકીમ લોગો આ સૂરત પઢીને સંભલાવતા અને એમ સમઝાવતા કે, **તમેં ઇમાન, અમલે સાલેહ, હક્ક અને સબર પર સાબિત-કદમ રહેજો.** આ ચાર અમલને ના મુકજો. જો તમેં આ ચારને નહીં અપનાવો તો ખસારહમાં ગિરફતાર થાશો. હર તરહથી ભારી નુકસાનનો સામનો કરવો પડશે."

કરબલાએ મુઅલ્લામાં હમારા આકા હુસૈન (અ.સ.) ઈમામે હક્ક હતા. આપનું બીજું નામ જ હક્ક અને સબર છે. હક્ક પર રહેવું ઘણું ઘણું મુશ્કિલ છે અને ભુખા-પ્યાસા ઉમ્મતના લોગોની શયતાનીયત સામે જામે શહાદતને ઈખ્તિયાર કરવું, એના કરતા ઝિયાદહ મુશ્કિલ છે. અસરના વક્ત પર અસ્હાબે કરબલા અને અહલે બૈતે હુસૈની (સ.અ.) ના જવાનો શહાદતના દરજા પર જાતી વક્ત, બાકી રહેનાર લોગોને સૂરતુલ અસ્ર પઢી સંભલાવીને વસીયત કરતા કે, ઈમાન, અમલે ખૈર, હક્ક અને સબર પર કાઈમ રહેજો. ઈમામે હક્કને ખિલાફ જેટલા યઝીદીઓ છે, **તેઓ ખસારામાં છે. જહન્નમની આગની સઝા ઉઠાવનાર છે.**

જેમ હમારા મૌલા હમને વસીયત કરે છે, તેમ હમને સીરતદાર થાવું લાઝિમી છે. માતમ તો તમામ કરે જ છે, પણ શું આ ચીઝોનો ખયાલ હમારા ઝહેનમાં હોય છે !!!

- હમેં શું નમાઝના પાબંદ છે ?
- શું હમેં નમાઝને ભુલીને ફક્ત માતમ કરીએ છે ?
- શું હમેં માતમને નુમાઇશ અને દેખાવનો ઝરીઓ બનાવીએ છે ?
- શું હમેં કોઈ પણ લિબાસમાં રસ્તાઓ પર માતમ કરી શકીએ છે ?
- ઝિક્રે આકા હુસૈનને છોડીને શું હમેં ફક્ત નિયાઝનું જમવા જઈએ છે ?
- દાઈએ હુસૈન આકા મૌલા (ત.ઉ.શ.) ની ફજરની વાઅઝો મજલિસ છોડીને શું હમેં રાતે કોઈ બીજી ગૈરની જગાઓ પર જઈને વક્ત ગુઝારીએ છે ?
- જે ઝબાનથી હમેં "યા હુસૈન" ના નાઅરા-નિદા બલંદ કરીએ છે, તો શું તે હમારી ઝબાન પાકો સાફ છે ?
- શું હમારી ઝબાનમાં જૂઠ, ઈલ્ઝામ, ગીબત, મક્કારી, ગાલી-ગલોચ, ધોકેબાઝી છે ?

(બકીયહ પેજ નં. ૩ પર)

**ગાલી-ગલોચ કરનાર બદસૂરત છે.**

(પેજ નં. ૨ નું બાકી)

- શું હમારી ઝબાનમાં પાન-પડીકી, ગુટખા, તંબાકૂ, બીડી-સીગરેટ, શરાબ, નશીલી ચીઝો, છાકની ચીઝો, બેહોશીની ચીઝો છે ?
- આ અય્યામે અઝાદારીમાં શું હમેં હમારી સીરત-સૂરતમાં કોઈ તબ્દીલી લાવેલા છે ?
- શું હમેં આશૂરા તક આ દસ દિવસોમાં જ નમાઝના પાબંદ છે અને પછી હમેં નમાઝને મુકી દઈએ છે ?
- શું હમારો મોહર્રમ ફક્ત રાતે બદરી મોહલ્લામાં બચ્ચાંને લઈને સબીલો પર ગશ્ત કરવાનો જ છે ?
- શું હમારો મોહર્રમ ફક્ત તરહ-તરહની નિયાઝોની લઝઝતો અને મઝા લેવાનો જ છે ?
- શું હમેં ઔસાફે-સનાએ આકા હુસૈન (અ.સ.) યા આપના મરસીયહ યા નૌહા સાંભલીને, તેને ભુલી જઈએ છે યા તેનાથી સબક-આમૌઝ થઈએ છે ?
- શું હમેં ઘરમાં હમારા ઘરવાલાઓ દરમિયાન આકા મૌલા સૈયેદના સાહેબે (ત.ઉ.શ.) ફરમાવેલી હકીકતે કરબલાનો વાકેએ દોહરાવીએ છે, યાદ અપાવીએ છે ?
- કરબલાના હરએક કિરદાર યાઅની બચ્ચા, જવાન, બુઝુર્ગો, બીબીઓ, બાવાજી, ભાઇ, દીકરા, બહેન, ભત્રીજા, કાકાજી, ભાંજા, ફઈજી, અસ્હાબ વગૈરહની રિશ્તેદારી અને વફાદારીથી હમેં સીરતદાર થઈએ છે ?
- શું હમેં વાકેયએ કરબલાથી હમારા દિલમાં જાઁફિશાની અને ફિદાગીરીનો જઝબો ઉભારીએ છે ?
- હમારી કૌમ અને મિલ્લતની ઈઝઝતો અઝમત વાસ્તે શું હમેં આ હુસૈની અય્યામમાં કોશિશ કરીએ છે ? ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

જાતા-જાતા રસ્તામાં સલસાઈલ ફરિશ્તા મિલા. જિબ્રઈલને પૂછેચ કે, શું કેયામત આવી ગઇ ! અય મારા દોસ્ત. ઝમીન પર આ મિસિલ સઘલા માતમ કરી રહ્યાચ ! જિબ્રઈલ જવાબ દેચ કે, ના, હમેં મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને મૌલા હુસૈનની વિલાદત વાસ્તે તહેનીયત આપવા ગયા હતા. તે વક્ત સલસાઈલ કહેચ કે, “અય મારા ભાઇ ! તમેં મારી ઈલ્તેજાને સાંભલો. તમેં મારા વાસ્તે પાછા ઝમીન પર જાવ. રસૂલુલ્લાહ બાવાજી ના નઝદીક મારી શફાઅતની દરખ્વાસ્ત કરો. કિમકે, આપ આકા હુસૈનની પૈદાઇશના સબબ ઘણા જ ખુશ છે અને આ ખુશીના હંગામમાં મારા વાસ્તે જો દોઆ કરસે તો ઝરૂર મારી ખતા મુઆફ થઈ જાસે.”

સલસાઈલ ફરિશ્તાની આ અરઝ લઈને જિબ્રઈલ રસૂલુલ્લાહના નઝદીક પધારા. આપે એની ઈલ્તેજાને કુબૂલ કીદી અને દોઆ ગુઝારી. તે આ તરહ સી કે, આપે બેવે હાથ ઊંચા કરીને ખુશી-ખુશી આકા હુસૈનનો વસીલો લીદો. આપ દોઆમાં ફરમાવેચ કે, “અય મારા પરવરદિગાર ! **તું આ મારા હુસૈનના વસીલા સી આ ફરિશ્તા સી રાઝી થઇ જા.** એના ગુનાહને તું મુઆફ કરી દે. એને તારા અઝાબ સી રિહા કરી દે.”

ફૌરન આસ્માન સી નિદા આવી કે, “અય મોહંમદ ! અલ્લાહના નઝદીક હુસૈનની અઝીમ શાન છે. એની કદરો મંઝેલત ઘની છે. આપની દોઆ આજે હુસૈનના સબબ મકબૂલ છે. આપની ખુશીમાં આજે અલ્લાહ સલસાઈલને પન ખુશ કરવાનો ઈરાદો રાખેચ. આજે એના ઉપર રહેમત નાઝિલ થાય.”

તે બાદ સલસાઈલ કહેચ કે, “ખુદાની કિબરીયાઈના કસમ ! હું તમામ ફરિશ્તાઓ પર આજે ફખર કરૂંચ કે હું **“ અતીકુલ હુસૈન ”** છું અને અલી હૂર કહેચ કે, આજે હું તમામ હૂરોં પર ફખર ખાઉં છું કે, હું **“ કાબેલતુલ હુસૈન ”** છું. આ શાનથી વિલાદતે ઈમામ હુસૈનના વક્ત વાકેઓ ગુઝરોચ. એક સલસાઈલ, જે આકા હુસૈનની બરકતથી અઝાબે ઈલાહીથી આઝાદ થયા અને બીજા અલી હૂર, જેને આકા હુસૈનની વિલાદતની તવલ્લી નસીબ થઈ. ✯

**ઝુલ્મ કરીને બીજાને રોડાવનાર બદસૂરત છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૮
## અલવી અકીદાઓ - અકીદો - ૪૪

**અકીદો ૪૪ : રાય અને કિયાસ કરવું મોટી ખતા છે.**

અહલે ઈસ્લામના અકસર લોગો, દીનના મસઅલાને યા કોઈ પૈચ પડેલા હોય તેને હલ કરવામાં યા કોઈ ગુથ્થી હોય તેને સુલઝાવવામાં પોતાના મનમાં જે આવે તે, યા પોતાના તજરૂબાથી કોઈ રાય-કિયાસ પર મુત્તફિક થવાય તે મુતાબિક કોઈ સનદ યા તહેકીક બગૈર ઝાતી અંદાઝો બાંધે, તેના બર-ખિલાફ હમારો અકીદો એ છે કે, આ તરહનો અમલ શરીઅતના કાનૂનને ખિલાફ છે. દીન અને શરીઅતના ફરમાનો અહકામમાં કોઈની પણ ઝાતી સોચ, રાય, કિયાસ, ઝહેની ઉપજની દખલની કોઈ ગુંજાઈશ નથી. કોઈ પણ હાલતમાં આ તરહની જુર્અત કરવાની ઈજાઝત આવી નથી.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો કૌલ છે કે, "દીન કુલ્લી તૌર પર તાઅત છે અને તાઅત-ખિદમતગુઝારી સાથે ખૈરખ્વાહી વાબિસ્તા છે. દીને હક્ક, ઈન્સાનની કામિયાબી વાસ્તે એક મુકમ્મિલ નિઝામ છે. તેમાં ઈતાઅત, નસીહત, દુનિયા-આખેરતની ખૈરખ્વાહી અને બહેતરી સિવાય બીજું કઈ નથી." બીજા એક કૌલે મુનીરમાં આપ નબી સાહેબ ફરમાવે છે કે, **"જે ચીઝમાં અલ્લાહતઆલાની નાફરમાની થાતી હોય તેમાં મખ્લૂકની ઇતાઅત-પૈરવી ના કરવી જોઇએ."** તે સબબ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "મારી ઈતાઅત સાથે મૈં મારા રસૂલની ઈતાઅત અને તે બાદ એમની જગા પર આવનાર અમરના સાહેબની ઈતાઅતને જોડી દીધેલી છે." યાઅની નબી સાહેબની હદીસો અને આપની આલના ઈમામો ના અકવાલ-નસીહતોને માનવું અને તેના પર અમલ કરવું હરએક મુમિન પર લાઝિમ અને વાજિબ થઈ જાય છે.

કુરઆને કરીમમાં અલ્લાહતઆલાએ હમને પોતાની અક્લના પૈચ લડાવીને યા બુદ્ધી સમઝથી યા નાકામિલ સોચથી કોઈ પણ ચીઝને હલાલ યા હરામ કહેવાથી રોકેલા છે. એમ ફરમાવું છે કે, જો તમને કોઈ હુક્મે શરીઅત માઅલૂમ ન હોય તો ગલત તરીકા પર જાણીજાઈને યા અણજાનામાં પોતાના ફિકરો ખલાય યા મનઘડતથી જૂઠ બોલીને કોઈ પણ ચીઝને અલ્લાહથી નિસ્બત ન આપો. મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, તમેં બે વાતોથી બચીને રહો, નહીં તો હલાક થઈ જાશો. **એક તે છે કે, પોતાના રાય-ખયાલથી ફત્વો આપવાથી દૂર રહો અને બીજું તે છે કે, એવી વાતોનો અકીદો ના રાખો કે જેનું તમને ઇલ્મ જ ના હોય.**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, ત્રણ વાતોનો ખાસ ખયાલ રાખો, (૧) અગર કોઈ શરીઅતના હુકમ તમારા પર વાઝેહ-સાફ થઈ જાય તો તેના પર અમલ કરો. (૨) જો કોઈ બિદઅત ઝાહિર થઈ જાય તો તેનાથી બચતા રહો અને બીજાને પણ તેની ખરાબીથી બચાવો. (૩) આ બે માંથી કોઈ પણ એક વાત સાફ ના હોય તો તમેં તમારી ઝાતને રોકી રાખો, થોડો ઈન્તેઝાર કરો અને દિલની શિફા વાસ્તે અહલુઝ્ઝિક્રને પૂછો. આ અહલુઝ્ઝિક્ર મારી આલના ઈમામ છે, જે કુરઆનના જોડીદાર છે.

રાય-કિયાસ યા બનાવટી આલિમોના ઝાતી ફરમાનોની બુનિયાદ મુકનાર અને તેને લોગોમાં રાઈજ કરાવનાર અબૂ હનીફાથી એક દિન મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ પૂછું કે, અય અબૂ હનીફા ! તું ને તારી રાય-કિયાસ અને ગલત-મતલબની ચીઝોની દાઅવો છે, ફખર છે, તો તું ખુદા વાસ્તે બતાવ કે,

**આઁખ ખારી શું કામ છે ?**

**નાકને અંદરની ચામડી ભીગી શું કામ છે ?**

**કાનમાં કડવાશ શું કામ છે ?**

**ઝબાનની રાલ-થુંક મીઠું શું કામ છે ?**

(બકીયહ પેજ નં. ૫ પર)

**હક્કના દાઈને છોડનાર બદસૂરત છે.**

(પેજ નં. ૪ નું બાકી)

અબૂ હનીફા આ સવાલોનો કોઇ જવાબ ના દઇ શકો. એના કિયાસનો કોઇ દાઅવો આમાં કામ લાગો નહીં અને એને પોતાની નાદાનીનો એઅતેરાફ કરવો પડો. લાચારી અને લાઇલ્મીના સબબ, પછી એ ઇમામે આલી મકામથી જ જવાબનો ખ્વાહિશમંદ થયો.

આપે ફરમાવું કે, અય અબૂ હનીફા સાંભલ ! આઁખ તેના વાસ્તે ખારી છે કે, તે ચરબીથી બનેલી છે, તેને સાચવવા ખરાશ જ મુનાસિબ છે.

❖ નાકનો અંદરૂની હિસ્સો ભીગો રહે છે, કેમકે, તે દિમાગની સફાઇનો રસ્તો છે અને સાઁસની આમદો રફતનો રસ્તો પણ છે, જેના વાસ્તે સુકાશ યા ખુશકી નામુનાસિબ છે.

❖ કાનનું પાની કડવું અને ચીકણું હોય છે, શું કામ કે, નાનું-નાનું નુકસાન કરવાવાલા કીડાઓને કાનની કડવાશ મારી નાંખે, તેનો પડદો હિફાઝતમાં રહે જેથી સાંભલવાની તાકત સલામત રહે.

❖ ઝબાનનું પાની મીઠું છે, કેમકે, જમવા-પીવાની ચીઝોનો સહી ઝાયેકો માઅલૂમ-મહેસૂસ થઇ શકે, બોલવામાં લુત્ફ અને આસાની રહે, જમેલી ચીઝોને હઝમ કરવામાં આસાની રહે.

આપ મૌલાએ અબૂ હનીફાને તન્બીહ અને તન્ઝીર કરીને ફરમાવું કે, યાદ રાખ ! જે વક્ત તું તારા જિસ્મની તખ્લીક અને તરકીબથી અને મુખ્તલિફ આઅઝાની તરતીબ યા બનાવટથી નાવાકિફ છે અને તેના કામ અને અમલને નથી જાણતો, તો પછી દીને ખુદાવંદી અને **શરીઅતે મોહંમદીયહ ની હકીકતોને સમઝવાનો દાઅવો કેમ અને કઇ તરહ કરી શકે છે !!!**

અબૂ હનીફાએ જે વક્ત ઝિલ્લત અને રૂસવાઇનો સામનો કરવો પડો તો મૌકાની ગનીમત જોઇને ઇમામે હક્કથી થોડા સવાલાત કરીને ઇઝ્ઝતને બચાવવા આપની સિદક-ઝબાનીથી જવાબો હાસિલ કીધા.

તે સવાલો માંથી ચંદ ચીઝો આ મુજબ છે :

(૧) **હૈઝદાર બૈરો રોઝા શું કામ કઝા કરે અને નમાઝને કેમ કઝા ના કરે ?** આપ મૌલાએ ફરમાવું કે, તે વાસ્તે કે નમાઝ એક દિનમાં પાઁચ-તરહની પઢાય છે અને રોઝા એક સાલમાં એક જ મહીના વાસ્તે હોય છે. જેના સબબ બીજા ૧૧ મહીનામાં ફૌત થયેલા રોઝા કઝા કરી શકે છે યાઅની વાલી શકે છે.

(૨) **જનાબતના બાદ યાઅની બૈરોથી મુકારેબત કીધા બાદ ગુસ્લ કરવું કેમ વાજિબ છે, પણ પૈશાબ-સંડાસ કીધા બાદ ફક્ત વુઝૂ કે ઇસ્તિન્જા કરવાનું ફરમાન કેમ છે ?** આપ મૌલાએ ફરમાવું કે, તેનો સબબ એ છે કે, મની યાઅની ચીકણું, ઉછલતું, ગંધાતું પાની મરદના પૂરા બદનમાંથી હરકત બાદ નિચોડ જેમ નિકલે છે અને પૈશાબ જિસ્મના કોઇ એક આઅઝાની હરકત બાદ નિકલે છે.

(૩) **મરદને વિરાસતમાં બૈરોથી દુગનું કેમ અપાય છે, એ હાલમાં કે ઝાહિરમાં ઔરત કમ્ઝોર છે અને મરદ તાકતવર ?** આપ મૌલાએ ફરમાવું કે, તેનો સબબ એ છે કે અલ્લાહતઆલાએ તેના કિતાબમાં મરદને બૈરો પર મઝબૂતી-તાકત બખ્શેલી છે. મરદ પર બૈરોની હિફાઝત લાઝિમ કીધેલી છે. એના પર બૈરોનું નાન-નફકહ (ભરણ-પોષણ), ઘરની સંભાલ-ખર્ચાઓ વાજિબ કીધેલા છે. તેથી બૈરોના નિભાવની ઝિમ્મેદારી મરદ પર છે. મરદ પોતાના પર તો ખર્ચ કરે જ છે, મગર એને બૈરો પર પણ ખર્ચ કરવું જોઇએ. તેથી એ વિરાસતમાં દુગનું હાસિલ કરે છે. જેના બલ પર વિરાસતના હિસ્સા માંથી અડધું એના બૈરો અને બચ્ચાં પર ખર્ચ કરે છે.

ઇમામે હક્કના આ બયાનોથી સાફ છે કે, દીનના-અહકામમાં અને કુરઆનના ફરમાનમાં કોઇ ઝાતી રાય કે કિયાસ હોતો જ નથી. હર કોઇ શખ્સ ઊલુલ અમર યાઅની કે સાહેબે મીસાક-ઇમામુઝ્ઝમાન (અ.સ.) ની ઝબાને સિદકનો મોહતાજ છે કે, જે સાહેબ અને હિદાયતના ઝૈવરથી આરાસ્તા કરે છે અને શક-શુબેહના લિબાસને ચાક-ચાક કરી દે છે. ✯

**મુમેનીનની સોહબત તર્ક કરનાર બદસૂરત છે.**

## નૌહા

**બયાઁ થા ઝૈનબ કા શાહેવાલા, યતીમ કહેતેં હૈં લોગ હમકો.**

પૂકારી ઝૈનબ ગરીબ રો રો, યતીમ કહેતેં હૈં લોગ હમ કો,
બતાઓ યા મુરતઝા કહાઁ હો, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

ન ગમ મેં ઇતના રૂલાઓ બાબા, સદા તુમ અપની સુનાઓ બાબા,
કહાઁ સિધારે હો આઓ બાબા, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

પછાડે ખાતેં હૈં ભાઇ શબ્બીર, હુસૈન રોતેં હૈં સર પટક કર,
મલે ન કિસ તરહ ખાક મૂઁહ પર, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

સિતમ હે યા બૂતુરાબ કૈસા, હુવા હે જીના અઝાબ કૈસા,
દિયા હે તુમને ખિતાબ કૈસા, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

નિકલ કે તુરબત સે આએ અમ્મા, હમેં ગલે સે લગાઓ અમ્મા,
કહાઁ હે બાબા બતાઓ અમ્મા, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

જહાઁ મેં અબ જીકે ક્યા કરેં હમ, ફલક કા કિસ સે ગિલા કરેં હમ,
કહાઁ અબ તાઅના સુના કરેં હમ, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

ન ઇબ્ને મુલ્જિમ ને રહેમ ખાયા, સિતમ કા તૈગા તુમ્હેં લગાયા,
ઉઠા હે જબ સે તુમ્હારા સાયા, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

અબ આઓ શૈરે ખુદા કહાઁ હો, બતાવો યા મુરતઝા કહાઁ હો,
સુનો તો ઉઠ કર ઝરા કહાઁ હો, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

અજલને નાના સે ભી છુડાયા, રહા ન માઁ-બાપ કા ભી સાયા,
હમ આજ કિસ સે કહેં ખુદાયા, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

નિકલ કે તુરબત સે આઓ નાના, તરસ યતીમોં પે ખાઓ નાના,
હમેં ગલે સે લગાઓ નાના, યતીમ કહેતેં હૈં લોગ હમ કો.

કરેં જો હમ સબ યતીમ નાલા, હિલે ન કિસ તરહ અરશે આઅલા,
બયાઁ થા ઝૈનબ કા શાહેવાલા, યતીમ કહેતેં હૈં લોગ હમ કો. ✩

---

(પેજ નં. ૧૫ નું બાકી)

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, **"અલ્લાહતઆલા મુમેનીન-મુત્તકીનને બચાવી લેશે અને ઝાલેમીનને જહન્નમમાં જ પડેલા રહેવા દેશે."** મુમેનીન-કાફેરીન સઘલાનો જહન્નમ પરથી ગુઝર થાશે. મુમેનીન ઇત્મિનાન અને રાહતમાં હશે અને તેઓને કોઇ તકલીફ નહીં પહોંચે. મગર કાફેરીન હૈરાની અને બેચૈનીમાં હશે, કેમકે જહન્નમની આગ તેઓને ખૂબ તકલીફ પહોંચાવશે. પોત-પોતાના આઅમાલ મુતાબિક વહાઁથી વાપસ થાશે. કેટલાક વીજલીની જેમ, કેટલાક હવાની જેમ, કેટલાક ઘોડાની રફતારની જેમ, કેટલાક આમ સવારીની જેમ, કેટલાક દોડનારની જેમ, કેટલાક ચાલનારની જેમ, કેટલાક ગુંઠણને બલ, કેટલાક માથાને બલ, કેટલાક રીખી-રીખીને વગૈરહ, વગૈરહ. યાઅની જેટલા આઅમાલ બંદાના નેક અને ઝિયાદહ તેટલી તેઝી અને રફતારથી એનો ગુઝર થાશે. ✩

**વચન આપીને ફિરી જાનાર બદસૂરત છે.**

## લફઝી કશ-મ-કશ


**✵ ઉભી તરકીબ :**

૧) અલ્લાહતઆલાએ જિન્નાતને આગથી પૈદા કીધા છે જેને નારી કહેવાય છે અને ઈન્સાનને ભીગી માટીથી પૈદા કીધા છે જેને ------ કહેવાય છે. (૨)

૨) અંબિયા પર જે તરહ શરીઅતના ફરમાનો નાઝિલ થયા તે બે શિક્લમાં નાઝિલ થયા, એક કિતાબના ઝરીએ અને બીજી ----- ના ઝરીએ.. (૩)

૩) કરબાએ મુઅલ્લામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.), મંઝિલે શહાદત પર પહોંચવા કિશ્તીએ ઈમાનના કપ્તાન હતા, ------ હતા. (૩)

૭) શાહે મરદાઁ, શૈરે ----- દાઁ, કૂવતે પરવરદિગાર, લાફતા ઈલ્લા અલી, લા સૈફ ઈલ્લા ઝુલફિકાર.(૨)




**✵ આડી તરકીબ :**


૨) મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ના તે દુખ્તરે બાઈફ્ફત કે જેની કાનની બાલીઓને શિમ્ર લઈને ખેંચી અને ગાલો પર તમાચા મારા. (૩)

૪) બાતિલની ----- ફના થઈ જાશે, મગર હક્કની રૂહાની હુકૂમત બાકી રહેશે. (૨)

૫) ---- કરતા ગમી, ઈન્સાન વાસ્તે ઈબરતના દરવાઝા ખોલી આપે છે. (૨)

૬) જો ઈન્સાન દુનિયાની હકીકતને ના સમઝીને આખેરતને હલકી લેશે તો એ ઝરૂર, આ તિજારત-બિઝનેસમાં ------ માં નુકસાન કરી બેસશે.(૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

## મૌત

અબ ગર્મ ખબર મૌત કે આને કી હે, નાદાઁ ! તુઝે ફિકર આબો દાને કી હે,
હસતી કે લીયે ઝરૂર એક દિન હે ફના, આના તેરા, દલીલ જાને કી હે.

———————————

અબ ખ્વાબ સે ચોંક, વક્તે બૈદારી હે, લે ઝાદે સફર, કૂચ કી તૈયારી હે,
મર-મર કે પહોંચતેં હૈં મુસાફિર વાઁ તક, યે કબ્ર કી મંઝિલ ભી ગઝબ ભારી હે. ✯

**રોતા હુવા બચ્ચા પર રહેમ ના ખાનાર બદસૂરત છે.**

## બરકતી માલા – કિસ્ત - ૧

મૌ.જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) બયાન ફરમાવે છે કે, એક દિન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અસરની નમાઝ પઢાવીને કિબ્લા તરફ રૂખ કરીને બેસા હતા. આ અરસામાં એક શૈખ-ઉમર રસીદા શખ્સ કે, જે કોઇ દૂર ઈલાકાના ગામડાથી નબી સાહેબની મુલાકાત વાસ્તે આવા હતા, આપના નઝદીક જઈને બેસા. નબી સાહેબના દીદારે અન્વર કરીને ખૂબ ખુશ થયા. શૈખે ફાટેલા-જૂના કપડા પહેરેલા હતા. નબી સાહેબે આટલા ઝઈફ અને ખસ્તાહાલ શૈખને જોઈને એમની તમામ ખબર પૂછી.

શૈખે અરઝ કીધી કે, "અય ખુદાના પ્યારા નબી ! હું ભુખો છું, આપ મને જમન મોહય્યા કરો. મારા નઝદીક ઢંગના કપડા નથી, તો આપ મને મારા બદનને ઢાંપવા ઉમ્દા કપડા આપો. હું ફકીર-મોહતાજ છું, મારા ઘરમાં કોઇ સામન નથી, તે વાસ્તે મને ઘરનો અસ્બાબ-સામાન મયસ્સર કરી આપો." નબી સાહેબે ફરમાવું કે, "અય શૈખ ! તમારા જેવા ઝઈફ મરદ મારાથી સવાલ કરે અને તે સવાલ હું પૂરો ના કરૂં, તે મારા ઉપર ઘણું જ ભારી ગુઝરે અને મારા દિલમાં હાજિતરવાઈ ના કરવાના સબબ એક હસરત રહી જાય. આ વક્ત મારા ઘરમાં કોઇ એવી ચીઝ નથી કે, જેથી હું તમારા સવાલને પૂરો કરી શકું."

"અય શૈખ ! **ખૈરનો રસ્તો બતાવનાર પણ ખૈરનું કામ કરનારની મુજબ જ હોય છે.** આ વક્ત મારાથી ખૈરનું કામ નથી થઈ શકતું, તો હું તમને તમારા કામ થાવાના રસ્તાને બતાવું છું. આની માઅના એ છે કે, અય શૈખ ! તમેં એના ત્યાં જાવ કે જે ખુદાને અને ખુદાના રસૂલને મોહબ્બત કરે છે અને આ સાથે ખુદા અને ખુદાના રસૂલ એને મોહબ્બત કરે છે, અય શૈખ ! **તમેં મારા લાડલી ફાતેમાના ઘરે જાવ.**"

"તે બાદ, નબી સાહેબે મૌ.બિલાલને હુકમ કીધો કે, આ શૈખને ફાતેમાના ઘરે લઈ જાય. બેવે ફાતેમાના ઘરે પહોંચા તો શૈખે બ-આવાઝે બલંદ દુખ્તરે નબી પર સલામ પઢો. બોલા કે,"અય નબૂવતના ઘરના લોગો ! અય ફરિશ્તાઓની આવવા-જાવાની જગા ના અહલ ! જ્યાં આલમના ધની અને માલિક ખુદાતઆલાના અમરથી જિબ્રઈલ અમીન તન્ઝીલ લઈને ઉતરે છે, તેને ઉતરવાની જગા, આપના ઉપર મારો સલામ છે." માઁ ફાતેમા ઝહરા (અ.સ.) એ ફરમાવું કે, "તમારા ઉપર પણ હમેં અહલુલ બૈત સલામ પઢીએ છે, તમેં અય શૈખ ! કૌન છો ?"

શૈખે અરઝ કીધી કે, "મૈં તમારા બાવાજીના યહાઁથી આવેલો છું. **હું ભુખો છું, ખસ્તાહાલ છું, હું ફકીર છું.** આપ પર ખુદાની રહેમત થાજો, આપ મને નુસ્રત કરો, મદદ કરો." આ તે વક્ત હતો કે, ત્રણ અય્યામથી અહલુલ બૈત જમા ન્હોતા અને કોઈ નકદ-રકમ પણ હાઝિર ન્હોતી. માઁ ફાતેમાએ મૌ.હસન અને મૌ.હુસૈન જે ચામડાં પર સુતા હતા તેને તે શૈખને આપું અને ફરમાવું કે, "ખુદા તમારા પર રહેમત કરશે અને આ ચામડાંની ચાદરના સબબ તમને ખૈર આપશે."

"શૈખ બોલા કે, "અય ફાતેમા ! મૈં તો ભુખની શિકાયત આપના નઝદીક કીધી હતી ! તો પછી આપ આ બકરાની ખાલ મને આપો છો, **તો તેનાથી મને શું ફાયદો-મન્ફેઅત થાશે ?**" આ સાંભલીને આપના દિલમાં ઘણી જ રિક્કત તારી થઈ.

"આપની નઝર તે માલા પર ગઈ કે, જે આપના ગલામાં આપે પહેરી હતી. આ માલા આપને ફાતેમા બિન્તે હમઝા બિન અબ્દુલ મુત્તલિબે હદીયાના તૌર પર આપી હતી. તે માલાને આપે ફૌરન નિકાલીને એ શૈખને આપી દીધી. ફરમાવું કે, "આ માલાના સિવાય મારા પાસે હવે કઈ જ નથી. તમેં તેને બાઝારમાં વહેંચીને જે રકમ તેની આવે તેનાથી તમારી હાજિતને તમામ કરજો. **ખુદાતઆલા આ માલામાં તમને બરકત આપજો.**" ✯

**તકલીફશુદા ઝઈફને મદદે ના આવનાર બદસૂરત છે.**

# સલસાઈલ ફરિશ્તા – વિલાદતે ઈમામ હુસૈન (અ.સ.)

**(અપની ઝબાન)**

મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ની શાન અને અઝમત ખૂબ-ખૂબ આઅલા છે, લેહાઝા આપની વિલાદતસી લઈને શહાદત તક, આપની ઝિંદગીનો હર પહેલૂ હમારા વાસ્તે ઈબરતઅંદોઝ અને સબકઆમોઝ છે. આપની વિલાદત બા-સઆદત ૫ શાઅબાનુલ કરીમના મુબારક દિન થઈચ. તે દિન આપના વાલેદહ મુકર્રમહ માઁ ફાતેમા ઝહરા (અ.સ.) ને દર્દેઝહ-સુવાવડનું દર્દ ઉપડું. અલ્લાહતઆલાએ આ ચીઝની ખબર અલી ને પહોંચાવી કે, **જે જન્નતની હૂરો માંસી એક હૂર છે.** "અય અલી ! તમેં દુનિયાના ઘર તરફ જાવ અને મારા હબીબ મોહંમદના પ્યારા દીકરીના નઝદીક જાવ." તે પછી અલ્લાહતઆલાએ જન્નતોના ખાઝિન, નિગેહબાન, રિઝવાન તરફ ફરમાન કીધું કે, "તમેં જન્નતની ઝીનત છો અને એક બાકરામાત નૌમૌલૂદ બચ્ચા દુનિયામાં પૈદા થાસે, તો તમેં એની અઝમતની ખાતિર **જન્નતને મુઝખરફ કરો, સજાવો, ઝીનત બખ્શો.**"

આ સાથે અલ્લાહતઆલાએ ફરિશ્તાઓને એ હુકમ કીધો કે, તમેં સઘલા સફ-બ-સફ ઊભા થઈ જાવ, તકદીસ કરો, તસ્બીહ કરો, મારી હમ્દો સના કરો. ફરિશ્તાઓના સરદાર મૌ.જિબ્રઈલ, મૌ.મીકાઈલ અને મૌ.ઈસ્રાફીલ તરફ ફરમાન કીધું કે, તમેં સઘલા મારા નબી ના પ્યારા દુખ્તર ફાતેમાના ઘર પર જાવ અને તેમાં બરકત બોલો. તમેં એક કિન્દીલ બનાવો કે, જેમાં **૧ લાખ ફરિશ્તાઓ** હોય અને તેઓને સાથે લઈને નાઝિલ થાવ.

ઈબ્ને અબ્બાસ આ રિવાયત બયાન કરેચ કે, તે સઘલા એક આસ્માનસી બીજા આસ્માન તરફ નાઝિલ થયા. તે બાદ ચોથા આસ્માનમાં આવા. તો જોયું કે, એક ફરિશ્તા જેનું નામ "સલસાઈલ", તેને ૭૦ હઝાર પાઁખો હતી. મશ્રિકસી લઈને મગરિબ તરફ ફેલાયેલી હતી. મગર તેનાસી ખતા થયેલી હતી. તે પોતાની તાકત, ઉડાન અને પાઁખો પર શૈખી-તકબ્બુરી કરતા હતા. લેહાઝા, અલ્લાહતઆલાએ **તેને ચોથા આસ્માન પર કૈદ કરી દીધા હતા.** તેને ફરમાન હતું કે, તે આ જ જગામાં ઊભા રહીને અલ્લાહની ઈબાદત કરે, ના તે રૂકૂઅ કરે, ના તે સજદો દે. કૈદમાં આ મુજબ રહેવું તેના વાસ્તે તકબ્બુરીની સઝા છે, અઝાબ છે.

ફરમાને રબ્બાની મુજબ અલી હૂર માઁ ફાતેમાના નઝદીક પહોંચા તે વક્ત અલી કહેચ કે, "મરહબા ! અય બિન્તે મોહંમદ આપના મિઝાજે ગિરામી કિમ છે?" માઁ ફાતેમાએ ફરમાવું કે, "બખૈર ! ખુદાનો શુક્ર છે." અલી કહેચ કે, આ મારા સાથે હૌરા આવાચ. જન્નતના ઘના ખાદેમાત હમારા સાથે આપની ખિદમતમાં પધારાચ. આ દૌરાન માઁ ફાતેમાની મંઝિલમાં મૌલા હુસૈનની વિલાદત થઈ. ફજરનો વક્ત હતો. આકા હુસૈન આ દુનિયામાં પધારા તો અલીએ પહેલા હાથમાં લીદા. ડૂંટી કાપી અને જન્નતના રૂમાલો માંસી એક રૂમાલસી સાફ કીદા. બે આઁખોના દરમિયાન બોસો દીદો. મૂઁહ પર ચૂમું અને ઈમ કહ્યું કે, **"અલ્લાહતઆલા આ પાકીઝા વિલાદત અને મૌલૂદના સબબ આપમાં અને આપના અહલમાં બરકત બોલજો."**

અલી હૂરના સાથે જેટલા ખાદેમાત હતા, ફરિશ્તાઓ હતા, તમામે એક-બીજાને તહેનીયત-મુબારકબાદી આપી. મૌ.જિબ્રઈલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને સાત દિન અને સાત રાત તક તહેનીયત આપી. સાતમો દિન આવો તો જિબ્રઈલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને કહ્યું કે, આપના બાજમાલ દીકરાને લઈ આવો, જેસી હમેં એના ચહેરાના દીદાર કરીએ. રસૂલુલ્લાહ, ફાતેમાના ઘરે તશરીફ લઈ ગયા. મૌલા હુસૈન એક નાના ઊની કપડામાં સુઈ રહ્યા હતા. રસૂલુલ્લાહ આપને દામનમાં ઉચકીને લાવા અને જિબ્રઈલને સિપુર્દ કીધા. આકા હુસૈનની આઁખોંના દરમિયાન જિબ્રઈલે ચૂમીને કહ્યું કે, "અલ્લાહતઆલા આ નૌમૌલૂદ બચ્ચાના સબબ અહલુલ બૈતમાં બરકત અતા ફરમાવો." તે બાદ જિબ્રઈલ આકા હુસૈનને જોઈને ખૂબ રોયા અને પુકારા, **"યા સરીઆ કરબલા".**

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**વાલેદૈનના દિલને દુખાવનાર બદસૂરત છે.**

(પેજ નં. ૯ નું બાકી)

જિબ્રઈલને રોતા જોઈને રસૂલુલ્લાહ પન ઘના રોયા. તમામ હાઝેરીન ફરિશ્તાઓ રોયા. જિબ્રઈલ કહેચ કે, અય અલ્લાહના હબીબ ! આપની દીકરી ફાતેમા પર મારો સલામ પઢજો અને એમને ઈમ કહેજો કે, આ બચ્ચાનું નામ હુસૈન પાડે, કિમકે અલ્લાહતઆલાએ એનું નામ હુસૈન પાડું છે. આ હુસૈન ફરઝંદ પૂરા જહાનમાં પૂરા ઝમાનમાં અહસનમાં અહસન છે. બહેતરમાં બહેતર છે. રસૂલુલ્લાહ ફરમાવેચ કે, "અય જિબ્રઈલ ! તમેં મને આ દીકરા વાસ્તે મુબારકબાદી આપોચ અને સાથે રોવચ પન." તે વક્ત જિબ્રઈલ કહેચ કે, "અલ્લાહતઆલા આપના આ ફરઝંદના સબબ આપને જઝા અતા કરજો."

જિબ્રઈલ ખબર કરેચ કે, "આપના આ નવાસા ભુખા-પ્યાસા શહીદ થાસે. બદતરીન લોગો એમને કત્લ કરસે. પૂરૂં અહલે બૈત ખાલી થઈ જાસે." રસૂલુલ્લાહ પૂછેચ કે, અય મારા ભાઈ જિબ્રઈલ ! મારા લાડલા નવાસાનો કાતિલ કૌન હશે ? તો જિબ્રઈલ જવાબ આપેચ કે, અપની ઉમ્મત માંસી જે અશર્ર છે, શયતાનીયતસી ભરેલો છે, એ ક્ત્લ કરસે. આ લઈન શખ્સ આપની શફાઅતની ઉમ્મીદ કરસે કે, જેને અલ્લાહતઆલા હરગિઝ હરગિઝ તમામ નહીં કરે.

તે બાદ, જિબ્રઈલ અને મલાઈકતે રસૂલુલ્લાહ બાવાજીને તાઅઝીયત દીદી, ખૂબ આહોઝારી કીદી અને આપ ફાતેમાના ઘરે તશરીફ લાવા. ફાતેમા ઉપર તમામ તરફસી સલામ પઢો અને ફરમાવેચ કે, અય મારા પ્યારા દીકરી ! આ ખૂબરૂ ફરઝંદનું નામ "હુસૈન" રાખો. ફાતેમાએ બાવાજીને અરઝ કીધી કે, મારા તરફસી પન તમામને સલામ પહોંચાવજો. રસૂલુલ્લાહએ તહેનીયત દીદી અને આપની આઁખોથી આઁસૂ રવાઁ થઈ ગયા. ફાતેમા પૂછેચ કે, અય બાવાજી સાહેબ ! આપ મને આ ફરઝંદની વિલાદતની તહેનીયત આપોચ અને પછી સાથે રોવચ. આપ ફરમાવેચ કે, હાઁ, અય પ્યારી દીકરી ! અલ્લાહતઆલા તમારા આ ફરઝંદમાં તમને અજર આપસે. ફાતેમા અરઝ કરેચ કે, અય બાવાજી સાહેબ ! સું કિસ્સો છે ? તે વક્ત રસૂલુલ્લાહ ફરમાવેચ કે, **"હુસૈન ભુખા-પ્યાસા શહીદ થાસે. એની ઉમ્મતના લોગો એના ઉપર ઘનો ઝુલ્મ કરસે."**

તે બાદ અમીરૂલ મુમેની મૌ.અલી (અ.સ.) મસ્જિદ સી તશરીફ લાવા અને અરઝ કરેચ કે, અય અલ્લાહના નબી ! આપ સા વાસ્તે રોવચ ? આજે તો ખુશીનો દિન છે, આજે મારા ઘરમાં ફરઝંદ તવલ્લુદ થયાચ અને આપ કિમ આ તરહસી બુકા કરોચ ! તો રસૂલુલ્લાહ ફરમાવેચ કે, "**આ મારા દીકરા પ્યાસા કત્લ કરવામાં આવસે. ઝાલિમ-બદીન લોગો એના ઉપર અઝહદ ઝુલ્મો જફા કરસે.** કોઈ એની નુસ્રત પર નહીં આવે. ઉમ્મતના લોગો એનાથી મૂઁહ ફિરાવી દેસે. અય મારા અહલે બૈત ! તમેં સઘલા સબર કરજો."

આ બયાન સાંભલીને તમામે તમામ રોયા. ખુદ પર તાબ લાવી ના સકા. ઘરના હર ગોશામાં ખામોશી છવઈ ગઈ. માઁ ફાતેમા ગશીની હાલતસી ઉઠા, એક ચીખ લગાવી, ઘના ઝોરસી રોયા, તાકે મૌલા અલીએ પૂછ્યું કે, આ મારા લાડલા ફરઝંદને કૌન કત્લ કરસે ? આ મારી આઁખોની ઠંડકને કૌન કત્લ કરસે ? આ મારા દિલના સમરાને કૌન કત્લ કરસે ? કહેવામાં આવું કે, "ઉમ્મતમાંસી એક અશર્ર-બદબખ્ત શખ્સ છે, એ કત્લ કરસે. એને શફાઅત નસીબ નહીં થાય, આખેરતમાં એ માયૂસ અને મુઅઝઝબ હસે." માઁ ફાતેમા મઝીદ પૂછેચ કે, કઈ જગા પર મારા ફરઝંદની તે બદબખ્તો એવી હાલત કરસે ? જવાબમાં કહ્યું કે, કરબલામાં. માઁ ફાતેમા અરઝ કરેચ કે, અય બાવાજી ! આપ મને બતાવી દો તે ઝમીનને કે હું મારી આઁખોસી જોઈ લઉં. રસૂલુલ્લાહ બાવાજીએ ઈશારો કીધો અને મૌ. જિબ્રઈલે એક લમ્હામાં પૂરો મંઝર પૈશ કરી દીદો. કહ્યું, **"અય ફાતેમા ! જોવ તે જગા, આ ઝમીને કરબલા છે."** માઁ ફાતેમા તે મંઝરને જોઈને ખૂબ રોયા અને પુકારી ઉઠા, વાગૌસાહ વામુસીબતાહ, વાહુસૈનાહ ! તે બાદ મૌ. જિબ્રઈલ, ફરિશ્તાઓ અને અલી હૂર આસ્માન તરફ પરવાઝ કરી ગયા.

(બકીયહ પેજ નં. ૩ પર)

**બીમાર પર ગુસ્સે થાનાર બદસૂરત છે.**

## મરસીયા
## મૌ.ઇમામ હુસૈન (અ.સ.) ની મકતલ તરફ રૂખ્સત

જબ આખિરી રૂખ્સત કો હુસૈન આએ હરમ સે,
સબ બીબીયાઁ લિપટીં શહેવાલા કે કદમ સે,
હઝરતને કહા કત્એ મોહબ્બત કરો હમ સે,
જીને કે નહીં હમ અલી અકબર કે અલમ સે,
બાબા સે ન જબ તક વો ગુલ અંદામ મિલેગા,
તબ તક ન હમેં એક દમ આરામ મિલેગા.
અબ મર ચુકે અબ કિસ કે લીએ સર ન કટાએં,
ઐસે નહીં બિછડે કે જો અકબર ચલે આએં,
કિસ તરહ સે ઉસ યૂસુફે ગુમ-ગુશતા કો પાએં,
હે ફર્ક બસારત મેં કિધર ઢુંઢને જાએં,
બે ઉનકે ન ખાને કે, ન પીને કા મઝા હે,
ફરઝંદ સલામત હો તો જીને કા મઝા હે.
એક જાને હઝીં તાબા કુજા રંજ ઉઠાએ,
રાહત અબ ઈસી મેં હે કે જલ્દી અજલ આએ,
ઝખ્મે જિગરો દિલ કિસે શબ્બીર દિખાએ,
અલ્લાહ તબાહી યે કિસી ઘર પે ન લાએ,
તારાજ ન કિસ તરહ સે હો બાગ કિસી કા,
અબ મુઝ કો દિખાએ ન ખુદા દાગ કિસી કા.
આગે મેરે મારે ગએ દો ભાંજે પ્યારે,
કાસિમ જો હે દુનિયા સે પુર-અરમાન સિધારે,
અબ્બાસ કા ગમ પૂછે કોઈ દિલ સે હમારે,
અકબર કે તો મરને સે હુએ ગોર કિનારે,
અબ પાસ ન ભાઈ, ન ભતીજા, ન પિસર હે,
સો દાગ ઔર એક દિલ યે હમારા હી જિગર હે.
મૈં કહેતા થા કટ જાએગા જબ તન સે મેરા સર,
સબ રોએંગે ઔર ગુસ્લો કફન દેવેંગે આ કર,
બાબા કા ઉઠાએંગે જનાઝા અલી અકબર,
સો મર ગએ વો, ઝિંદા હે ફરઝંદ પયમ્બર,
રૂહે અલી અકબર સે હમેં શર્મ બડી હે,
મૈદાન મેં બેગોરો કફન લાશ પડી હે.
અબ કૌન હે જો દોડકે રોકેગા મેરી રાહ,
જો પાઉં પે ગિરતે થે, નહીં ઉન મેં કોઈ આહ,
સદમેં હૈં જો મુઝ પર, નહીં ઉસ સે કોઈ આગાહ,
વલ્લાહ નહીં જીને કા, ઈબ્ને અસદુલ્લાહ,
વો સમઝે કલેજે પે છુરી જિસકે ચલી હો,
અકબર નહીં દુનિયા મેં, હુસૈન ઈબ્ને અલી હો.
અલ્લાહ કો સોંપા તુમ્હેં અય ઝૈનબો કુલસૂમ,
લગ જાઓ ગલે, તુમ સે બિછડતા હે યે મઝલૂમ,
અબ જાતે હી ખંજર સે કટેગા મેરી હુલકૂમ,
હે સબ્ર કા અમ્મા કા તરીકા તુમ્હે માઅલૂમ,
મજબૂર હૈં, લાચાર હૈં, મરઝીએ ખુદા સે,
છુટકારા નહીં અબ હમેં ફરીયાદો બુકા સે.
જિસ વક્ત મુઝે ઝબ્હ કરેં ફિરકએ નારી,
રોના ન સુનેં, આએ ન આવાઝ તુમ્હારી,
બેસબરોં કા શૈવા હે, કરેં ગિરયઓ ઝારી,
જો કરતેં હૈં સબ્ર, ઉનકી ખુદા કરતા હે યારી,
હો લાખ સિતમ, રખના નઝર અપની ખુદા પર,
ઈસ ઝુલ્મ કા ઈન્સાફ હે અબ રોઝે જઝા પર.
ચશ્મે શહે અબરાર સે આઁસૂ હુએ જારી,
છાતી સે લિપટ ભાઈ કી, ઝૈનબ યે પુકારી,
અય સૈયેદે મઝલૂમ બહેન હો ગઈ વારી,
મૈં જાને નહીં દેને કી હઝરત કી સવારી,
તબ જાઈયો, જબ જી સે ગુઝર જાએગી ઝૈનબ,
હઝરતને કમર બાંધી તો મર જાએગી ઝૈનબ.
સુનકર યે સખુન શાહ ચલે ખૈમે કે બાહર,
રાંડો મેં બપા હો ગયા હંગામએ મહેશર,
ચિલ્લાકે કોઈ કહેતી થી હે હે મેરે સરવર,
કહેતી થી કોઈ અબ નહીં આએંગે બિરાદર,
બાબા કો કસમ દે કે બુલાતી થી સકીના,
સર પીટતી પીછે ચલી જાતી થી સકીના.
ચિલ્લાતી થી, કુરબાન હો બેટી ચલે આઓ,
મર જાઉંગી બાબા મુઝે તુમ છોડ ન જાઓ,
સદકે ગઈ નન્હા સા મેરા દિલ ન કુઢાઓ,
બેતાબ હું મુડકર મુઝે સુરત તો દિખાઓ,

(બકીયહ પેજ નં. ૧૨ પર)

**સહી વક્ત પર સહી કામ ના કરનાર બદસૂરત છે.**

(પેજ નં. ૧૧ નું બાકી)

શેહ કહેતે થે માઁ પાસ રહો, નિકલો ન ઘર સે,
અબ હશ્ર મેં હોએગી મુલાકાત પિદર સે.
યે કેહ કે કરીબ ફર્સ કે આએ શહે અબરાર,
ગરદન કો ઝુકાએ હુએ રોતા થા વો રહેવાર,
સર થામ કે હાથોં મેં કિયા ઉસકો બહુત પ્યાર,
ફરમાયા કે, તું દેખ રહા અસ્પે વફાદાર,
ફરઝંદ નહીં, ભાઈ-ભતીજા નહીં કોઈ,
થામે જો રિકાબ આન કે ઈતના નહીં કોઈ.
અય અહલે જહાઁ આજ કે દિન કર લો ઝિયારત,
દુનિયા સે મોહંમદ કે નવાસે કી હે રહેલત,
યે શિક્લ ન આએગી નઝર ફિર કિસી સૂરત,
સમઝો પિસરે ફાતેમા ઝહરા કો ગનીમત,
ઢુંઢોગે તો શબ્બીર સા આકા ન મિલેગા,
ફિર તુમ કો મોહંમદ કા નવાસા ન મિલેગા. ✯

## નૌહા

પઢતા હું અબ મૈં માતમી નૌહા હુસૈન કા,
માતમ હે બહુત ઝોર સે કરના હુસૈન કા.
ઠોકર લગાઈ જિસ્મે મુતહહર યે આકે ફિર,
સર સજદે મેં યે શિમ્રને કાટા હુસૈન કા.
દફનાના કબ્ર મેં તો કુજા દુશ્મનોં ને ઉફ,
ઘોડે દોડાકે કુચલા હે લાશા હુસૈન કા.
અઠ્ઠારા બરસ કા અભી કરિયલ જવાન થા,
મકતલ મેં કત્લ હો ગયા બેટા હુસૈન કા.
કહે કરકે બાબા રોઈ ઔર બેહોશ હો ગઈ,
નૈઝે પે સર સકીનાને દેખા હુસૈન કા.
બાંધે રસન સે બાઝૂ રિદા સર સે છીન લી,
દર-દર ફિરાયા આઅદાને કુંબા હુસૈન કા.
અસ્બાબ સારા લૂટ લીયા દુશ્મનોં ને ઔર,
મસ્નદ નબી કી, ખેમા જલાયા હુસૈન કા.
જિન્નો મલક ઔર પત્થર ભી અય મુમિન રોએ જબ,
માતમ શહે હાતિમને કરાયા હુસૈન કા. ✯


## તિજારત

**HAATEMI COLLECTION**

**રીદા, જોડી, ડ્રેસ, કોટન દુપટ્ટા, ટી-શર્ટ, સલવાર, મોજા, હેન્ડબેગ, સ્કાફ, નુરી ટોપી, બ્રોચ, પીન, કપડાના પાઉચ, સફરા, જાજમ અને લેડીસ રીલેટેડ આઇટમ્સ ના વેપારી.**

Shop no. 9 Taj Complex,
Ajwa Road, Vadodara - 390019.

**FATEMA B. BHAISAHEB**
**Ph.: 9408786281 / 7990540997** ✯

**Ismat Tinwala (MA, B.Ed.)**
25 Years of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.
**8th to 12th (GSEB, CBSE, ICSE)**
A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi
Park, Ajwa Road, Vadodara - 390019.
**Ph.: 09409156524** ✯

**કોમ્પ્યુટર ઓપરેટર જોઇએ છે.**

**AMIN TRADERS**

**૫, સનરાઇઝ પોઇન્ટ, ચીતેખાન હનુમાન મંદીર બાજુમાં, રાવપુરા, વડોદરા.**
**Ph.: 0265-2414340 / 0265-2417296** ✯


## કત્આત

શાહ ફરમાતે હૈં જા લે જા ખુદા કે નામ પર,
મૌત જબ કહેતી હે અકબર કી જવાની ચાહીએ,
કૌન બઢતા હે લહૂ થોડા સા દેને કે લીએ,
અય અઝીઝો દીન કી ખેતી કો પાની ચાહીએ,
જિન કે સીને મેં હો સૌઝે તિશ્નાગાને કરબલા,
ઉન જવાઁ-મરદોં કી તલ્વારોં મેં પાની ચાહીએ. ✯

**હરામનું જમન જમનાર બદસૂરત છે.**

**ગૈર-જાઈઝ રિશ્તા રાખનાર બદસૂરત છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૦

અઈમ્મતે તાહેરીન (સ.અ.) ફરમાવે છે કે, કોઇ શખ્સ બીમાર હોય, લાઝિમે બિસ્તર હોય, ઝિંદગીના આખિરી લમ્હાત હોય અને એના ઘરના લોગો એના નઝદીક હોય, તો આ જાનકુની-એહતેઝારના વક્ત દોઆ પઢનાર એ મરીઝના માથાને પાસે બેસે અને આ આયતે કુરઆની પઢે. “ઈન્ના રબ્બકુમુલ્લા હિલ્લઝી ખલકસ્સમાવાતે વલ અરઝા ફી સિત્તતે અય્યામિન.........., ઈલ્લા સહેરૂમ્મુબીન.” યાઅની, તે અલ્લાહ એ જ તો છે કે, જેએ આસ્માનો અને ઝમીનને પૈદા કીધી ૬ અય્યામમાં. અને તેનો અર્શ પાની ઉપર હતો. જેથી તમારી આઝમાઈશ કરે કે કૌન ઝિયાદહ બહેતર અમલ કરે છે. અને અગર આપ કહો કે, બિલશક ! તમેં ગુઝરી જાવા બાદ ઉઠાવવામાં આવશો તો જે લોગો કુફ્ર પર છે, તેઓ ઝરૂર કહેશે કે, **આ ફક્તને ફક્ત ખુલ્લું જાદૂ છે.**

આ સત્હે ઝમીન પર આવનાર હર નબીનો કૌલ હતો કે, “અય લોગો ! તમેં ફક્ત અલ્લાહની જ ઈબાદત કરો અને તમારા ગુનાહો વાસ્તે ઈસ્તિગફાર ચાહો. ઈસ્તિગફાર-મગફેરત ચાહવાનો બહેતરીન રસ્તો તૌબા કરવું છે. જે શખ્સ તૌબા કરશે એને અલ્લાહતઆલા એક મુકર્રર વક્ત તક ફાયદો બખશશે અને જે મુજબ એ ફઝલો કરમનો હક્કદાર હશે, તે મુજબ અલ્લાહતઆલા એને અતા ફરમાવશે.” આ હકીકતને સમઝનાર ઘણા કમ લોગો છે.

નાદાન અને કમ-ફહેમ લોગોનો ખયાલ છે કે, મૌત બાદ કઈ જ નથી. તેઓ કબરના હાલાત, હિસાબ-કિતાબ, સવાલ-અઝાબ, ખૈર આઅમાલનો શૌક યા શર આઅમાલના બોઝની પરવાહ તેઓને હોતી નથી. મૌત બાદ તેઓનું જિસ્મ ખાકમાં મિલી જાવા બાદ, તે ઝર્રાતમાંથી જ તેઓ દોબારહ ઉઠાવવામાં આવશે, તેના ઉપર તેઓનું યકીન હોતું નથી. **આ તમામ ઝિંદગી-મૌતની હકીકતોને તેઓ જાદૂ માને છે.** કુફ્રથી ભરેલા તેઓના આ કલામની નિશાની એ છે કે, તેઓ નબીને એમ સવાલ કરે છે કે, “અગર હમેં ખરાબ અમલ કીધા છે અને હમારા વાસ્તે અઝાબને પાછલ કરી દેવામાં આવો છે, તો તે કઈ ચીઝ છે કે, જે તમારા ખુદાને હમારા વાસ્તે અઝાબ આપવામાં રોકે છે ?”

નબી ફરમાવે છે કે, “હર એક ચીઝનો એક વક્ત છે, એક કિતાબ છે અને એક ફેસલો છે. તમેં ખુદાનો શુક્ર કરો કે, તમારા બદ આઅમાલ ને બાવુજૂદ તમને મોહલત આપવામાં આવી છે. એક મુકર્રર વક્ત તક અઝાબ નહીં આવે. આ મોહલતમાં જો તમેં સાચા દિલથી તૌબા કરી લેશો, તો શાયદ અઝાબ રદ્દ પણ થઈ શકે છે. મગર જો તમેં તમારી ઝિદ્દ પર બાકી રહેશો અને ખુદાની આ મોહલતને ફરામોશ કરશો, ઈબરત નહીં લો, તો અઝાબે અલીમમાં પટકાશો અને હલાક થાશો.”

અઈમ્મતે તાહેરીન (અ.સ.) ફરમાવે છે કે, બિસ્તરે મૌતના નઝદીક **સૂરતુલ બકરહની આખિરી ત્રણ આયતોની** પણ તિલાવત કરે. આ આયતોનો મફહૂમ આ મુજબ છે : “અલ્લાહતઆલા વાસ્તે છે તે તમામ ચીઝો જે આસ્માનોમાં છે અને તે ચીઝો જે ઝમીનમાં છે. અને અગર તમેં તમામ જાનોમાં જે છે તેને ઝાહિર કરો યા તો છુપાવો તો અલ્લાહ તેનો હિસાબ કરશે, પછી તે ચાહશે એને બખ્શી દેશે અને જેને ચાહશે એને અઝાબ કરશે અને અલ્લાહ હર ચીઝ પર કુદરતવાલો છે.”

“જે કઈ એના રબ તરફથી એના ઉપર ઉતારવામાં આવું, તેના પર રસૂલ ઈમાન લાવા અને આપના સાથે મુમેનીન પણ ઈમાન લાવા. અલ્લાહતઆલા પર, તેના ફરિશ્તાઓ પર, તેના કિતાબો પર, તેના રસૂલો પર, હરએક ઈમાન લાવા. તે અલ્લાહના રસૂલો માંથી કોઈ એકના દરમિયાન પણ હમેં જુદાઈ નથી કરતા. પછી કહ્યું તે સઘલાએ કે, હમેં સાંભલું, તાઅત કીધી, **અય હમારા રબ ! તું હમને મુઆફ કર, કેમકે, હમેં તારી તરફ જ પલટનાર છે.**”

(બકીયહ પેજ નં. ૧૪ પર)

**દોસ્ત વાસ્તે બુરૂં સોચનાર બદસૂરત છે.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૯

**કિતાબ : તન્બીહુલ ગાફેલીન**

**દાઇ એ હક્ક : સૈ.હાતિમ મુહીયુદ્દીન સાહેબ (આ.કુ.)**

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "તે ઝમીન અને આસ્માનોનું નૂર છે. આ નૂરને બુઝાવવું નામુમ્કિન છે. તે ઈન્સાનની પૈદાઈશ પહેલા પણ હતું અને કેયામત બાદ પણ રહેશે. **આ નૂર તેલ બગૈર ઝાહિર થાય છે.** તેની રોશનીની બંદિશ થઈ શકતી નથી. આ નૂર સૂરજ, ચાંદ અને સિતારાની રોશની કરતા પણ આઅલા અને અઝહર છે. હર ચીઝમાં આ નૂરની ચમક છે."

આ નૂરે ઈલાહી હર ઝમાનમાં ઈમામની શિક્લમાં ચમકતું રહે છે. ઈમામ એ વલી છે જે લોગોને અંધારામાંથી રોશની તરફ લઈ જાય છે. ઈમામનો હર કૌલ અને અમલ નૂરથી ભરેલા હોય છે. અલ્લાહતઆલા તેના નૂર, હિદાયત અને વુજૂદને ઈમામથી ઝાહિર કરે છે. અલ્લાહનું હર નામ ઈમામની હસ્તી, દરજા અને સિફત તરફ ઈશારો કરે છે. આના સબબ ઈમામની માઅરેફતથી અલ્લાહતઆલાની માઅરેફત થઈ શકે છે. આ દુનિયામાં ઈન્સાનની ખૈરખ્વાહી વાસ્તે અલ્લાહતઆલાએ એની જ શિક્લમાં, એના જ સમાજમાં, એના જ મિઝાજમાં પોતાના તરફથી ઈમામને પસંદ કીધા, મુકર્રર કીધા, કેમકે, ઈમામની તરફ કોઈ તવજ્જોહ કરશે, માનશે, ખિદમત કરશે તો જ એ અલ્લાહતઆલાની પુરખુલૂસ ઈબાદત કરી શકશે અને એની ઝિંદગી-મૌતની હકીકતોને જાણી શકશે.

ઉલ્યાનુલ અસદી કહે છે કે, હું જે વક્ત બેહરૈન શહેરનો વાલી થયો તે વક્ત મને ઘણો માલ હાસિલ થયો. તે માલ મૈં એ તરહ ખર્ચ કીધો કે, તેમાંથી વાડીઓ, ગુલામો અને બાંદીઓ ખરીદી. આ નેઅમતોથી અલ્લાહતઆલાએ મને ઈત્મિનાન બખ્શું. તે બાદ મૈં ઉમ્રહ કરવા મક્કા શહેર ગયો. મૈં મારા સાથે મારા બૈરાઓ, ફરઝંદો, બાંદીઓ વગૈરહને લઈ ગયો. ત્યાંથી હું મદીના શહેર ગયો. ઈમામે હક્કથી મુલાકાત કરવા મારૂં દિલ મુન્તઝિર હતું. **આપને અદા કરવાના હુકૂક મારા માથા પર બાકી હતા.** લેહાઝા, મારા માલ માંથી પાઁચમો હિસ્સો (ખુમ્સ) અદા કરવા હું મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના નઝદીક હાઝિર થયો. મૈં આપ મૌલાને અરઝ કીધી કે, "અય ઈમામે આલે મોહંમદ ! હું આપ પર હઝાર જાનથી ફિદા થાઉ ! આ તે માલનો ખુમ્સ લઈને હું આવો છું કે, જે માંથી મૈં વાડીઓ, ગુલામો અને બાંદીઓને ખરીદી છે. **તે તમામને હું સાથે લઇને આવો છું.**"

આપ મૌલાએ ફરમાવું કે, "જે ખુસ્મ તમેં તમારી દૌલતમાંથી નિકાલીને મને અદા કરવા લાવા છો, તે તમામ પર હમારો હક્ક છે અને અલ્લાહતઆલાના ફરમાન મુતાબિક તમેં અમલ કીધો છે. આ ખુમ્સના સબબ તમારા વાસ્તે હમારી દોઆ અલ્લાહની બારગાહમાં મકબૂલ છે. આના સિવાય તમારા નઝદીક જે તમારા ગુલામો-બાંદીઓ છે કે જેને તમેં તમારા માલને ખર્ચ કરીને ખરીદા છે, **તે હરએક ચીઝને હમેં તમારા વાસ્તે હલાલ કરી આપીએ છે.** આ તમારા ખુલૂસ અને ભરોસાના સબબ હમેં અને હમારા આબાઓ અજદાદ તમારા વાસ્તે જન્નતના ઝામિન થયા છે." ☆

---

(પેજ નં. ૧૩ નું બાકી)

"અલ્લાહતઆલા કોઈ જાન-નફસની તાકત મુતાબિક જ તેને તકલીફ આપે છે. નફસની અચ્છાઇ તેની કમાઇ છે અને જે કઇ બુરાઇ તેને કીધી, તે તેના ખિલાફ છે. અય હમારા રબ ! અગર હમેં ભુલી જઈએ યા ખતા કરીએ તો તું હમને ના પકડજે. અય હમારા પરવરદિગાર ! હમારા ઉપર કોઈ ભારી બોઝ ના રાખજે જે હમારા પહેલાના લોગો ઉપર રાખો હતો. અય હમારા રબ ! તું હમને તે ચીઝ ઉચકાવજે નહીં કે જેને ઉઠાવવાની હમારી તાકત જ ન હોય. અને હમને મુઆફ કર, અને હમને બખ્શી દે, અને હમારા ઉપર રહેમત કર. તું જ હમારો મૌલા છે. તું હમને કાફિર કૌમ ઉપર યારી દે જે, મદદ કરજે." ☆

**ટીચર–ઉસ્તાદ ની મસ્ખરી કરનાર બદસૂરત છે.**

## હાતિમી કલમ અને અલવી ઈલ્મ કિસ્ત - ૬

યમનના તીસરા દાઈએ મુત્લક સૈ.હાતિમ સાહેબ (આ.કુ.) આપની કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયહ" માં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને અબ્દુલ્લાહ બિન સલામ યહૂદીના ગિરોહ સાથે સવાલ-જવાબની ઝિક્ર ફરમાવે છે. ગઈ ૫ કિસ્તમાં ૮ સવાલોની બયાની થઈ ચુકી છે કે, જેમાં અબ્દુલ્લાહએ મૌ.અલી (અ.સ.) ને પૂછ્યું હતું કે, (૧) આસ્માનો અને ઝમીન કરતા કઈ ચીઝ ઝિયાદહ મોટી-અઝીમ છે ? (૨) દરીયા કરતા કઈ ચીઝ ઝિયાદહ ગની છે, ખઝાનેદાર છે ? (૩) કઈ ચીઝ પત્થર કરતા ઝિયાદહ સખ્ત છે ? (૪) આગ કરતા કઈ ચીઝ ઝિયાદહ ગરમ છે ? (૫) કઈ ચીઝ હવા કરતા તૈઝ રફતારથી ચાલે છે ? (૬) કઈ એવી ચીઝ છે જે ફક્ત બંદા વાસ્તે છે અને અલ્લાહતઆલા વાસ્તે નથી ? (૭) કઈ ચીઝ ફક્ત અલ્લાહતઆલા વાસ્તે છે અને બંદા વાસ્તે નથી ? (૮) કઈ એવી ચીઝ છે જે બંદો જોઈ છે મગર અલ્લાહતઆલા જોતા નથી ? આપે આ સવાલોના જવાબમાં ઈલ્મના ગૌહર-જૌહર નશર કીધા.

આ છઠ્ઠી કિસ્તમાં બીજો એક સવાલ પૈશ કરવામાં આવે છે. અબ્દુલ્લાહ મૌ.અલીને પૂછે છે કે, **" અય અલી ! આપ મને બતાવો કે, તે કઇ ચીઝ છે જે અલ્લાહતઆલા જોઇ છે મગર તેનો બંદો જોઇ શકતો નથી ? "** આપે મૌલાએ ફરમાવું કે, મુમિન અને એના આઅમાલ. આ એવી ચીઝ છે કે, અલ્લાહતઆલા ખૂબ જાણે છે અને મુમિનને એના ખૈર આઅમાલના સબબ જ જન્નતનો રસ્તો હાસિલ થાશે. આ રસ્તા તરફ જાવાનો ઉમ્દામાં ઉમ્દા દરવાઝો નજાતનો છે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "હમેં યૌમે કેયામત મુત્તકી લોગોને બચાવી દઈશું અને ઝાલિમોને એવી સઝા આપીશું કે, તેઓ ગુઠણના બલ પર અઝાબમાં પડી રહેશે." કુરઆને કરીમમાં એવી ઘણી આયતો છે, જેમાં મુત્તકીનની નજાતી, ઝાલેમીનની હલાકી અને કાફેરીનની ગુસ્તાખીની ઝિક્ર છે. મૌત હક્ક છે અને તેના પછી બઅસ-કબરમાંથી ઉઠવું પણ હક્ક છે. જે શખ્સને મૌત આવે યા મૌત ના હાલાતને જોઈ યા બીજાને દમ મુકતા જોઈ તો એ બઅસનો ઈન્કાર ના કરી શકે. જેમ આ દુનિયાવી ઝિંદગીમાં ઊંઘ લીધા બાદ, યા આરામ કીધા બાદ એક બંદો દોબારહ ઉઠે છે અને ખુદને ઝિંદા મહેસૂસ કરે છે. તે મુજબ મૌત અને બઅસનું એકને બાદ બીજું એમ થાયા જ કરશે.

ઊબય બિન ખલફ એક મુનાફિક હતો, દુશ્મને ઈસ્લામ હતો. કહેવા લાગો કે, "આ મોહંમદ મૌત અને બેઅસતની ઝિક્ર કરે છે. જોવ ! અપને ડરાવે છે. એવી વાતો કરે છે કે, જેને કોઇએ પણ જોઈ નથી, કોઈ તેનો શાહિદ નથી, તેના વાસ્તે કોઈ હુજ્જત નથી." સડેલા હાડકાં ને તોડીને કહેવા લાગો કે, "જોવ ! આ મોહંમદ એમ કહે છે કે, આ હાડકાં દોબારહ ઝિંદા થાશે અને અપને મરા પછી પાછા ઝિંદા કરવામાં આવીશું ! કબરો માંથી ઉઠાવવામાં આવીશું !" **આ મુજબ કહીને મઝાક કરવા લાગો.**

આ મુનાફિકના જવાબમાં અલ્લાહતઆલા કસમ ખાઈને ફરમાવે છે કે, **" ઝરૂર ! ઝરૂર ! મુમેનીનને પણ અને આવા શયતાનોને પણ તેઓની કબરોમાંથી હમેં ઉઠાવીશું. તેઓને મૈદાને હશ્રમાં ભેગા કરીશું. "** મુમેનીનને વાસ્તે અલ્લાહતઆલા એવા તોહફાઓ અતા ફરમાવશે કે, તેઓને ગુમાન પણ નહીં હોય કે, તેઓના ખૈર આઅમાલના બદલામાં આવા તોહફાઓ તેઓને મિલનાર હતા ! મુનાફેકીન-કાફેરીનને વાસ્તે અલ્લાહતઆલા એવી સઝાઓ આપશે કે, તેઓને ગુમાન પણ નહીં હોય કે, તેઓના બદ-કિરદારના બદલામાં આવી સખ્ત સઝાઓ તેઓને મિલનાર હતી. અરે ! તેઓ ગુઠણના બલ જહન્નમમાં પટકાશે.

(બકીયહ પેજ નં. ૬ પર)

**પૈસામાં ચોરી કરનાર બદસૂરત છે.**

## દર

અય મૌલા ! આપકે દર પર સભી ગમ ભૂલ જાતે હૈં,
હમ અપની મુશ્કિલોં કા હલ ઈસી દર સે હી પાતે હૈં,
હે ડર જિસકો અઝાબે રબ સે વો ઈસ દર પે આ જાએ,
સુકૂનો ચૈન સે દિલ કા વો કાસા ભર કે જાતે હૈં,
હઝારો દર સે હમ કો ક્યા ગરઝ હે અય શહે ઝીશાઁ,
અય મૌલા ! આપ કે દર સે દરે જન્નત કો જાતે હૈં,
નહીં હે સિર્ફ બરકત રૌઝે મેં દાઈ કી તુરબત કી,
યે દર પે ફૈઝે કુદસાની ફરિશ્તેં રોઝ લાતે હૈં,
દરે અકદસ પે ઝાઈર સર ઝુકા કર જબ ભી આતા હે,
હઝારો રહેમતોં કે દર ખુદા કે ખોલે જાતે હૈં,
લગેગી હાથ માયૂસી ઉસે જો દર-બ-દર ભટકે,
યે દર પે આતેં હૈં સાઈલ મુરાદેં પાકે જાતે હૈં,
હૈં મૌલા, શાહ શાહોં કે, યે રૌઝા હે દુરે શહેવાર,
હે યે દરબારે રહેમત પંજતન તશરીફ લાતે હૈં,
જિબીં ખમ કરતેં હૈં અપની જો ઉલ્ફત સે અકીદત સે,
યે દરવાઝે સે નેઅમત મગફેરત કી લેકે જાતેં હૈં,
યકીને દિલ જો રખતેં હૈં શિફા પાતેં હૈં હર ગમ સે,
જો હૈં ડૂબે હુએ શક મેં, યે દર કો ભૂલ જાતે હૈં,
દરે હાતિમ ખુલા હે હર ઘડી આએં અદબ સે હમ,
નસીમે ખુલ્દ મૌલા આપકે દામન સે પાતેં હૈં,
દરખ્શાઁ ઉસ કી કિસ્મત હે, જો હે દાઅવત કી ખિદમત મેં,
જલાલો નૂર ભી ખાદિમ હૈં, વો ભી જગમગાતેં હૈં. ☆

## ૨૦ – બીસ સાલ બાદ

### મિશ્કાતુલ હાદી દીની કૌમી અખબારની બા–શાનો શૌકત ૨૧ માં સાલમાં દાખિલી

બાકી હે ઈસકે અભ્ભી નિશાઁ બીસ સાલ બાદ,
સાબિત હે દિલ મેં ઈસકા બયાઁ બીસ સાલ બાદ,
કરતી હે સના ઈસકી ઝબાઁ બીસ સાલ બાદ,
તાબિંદા હે ઈમાઁ કા જહાઁ બીસ સાલ બાદ,
ઈક્કીસ સાલ મેં હે કદમ ઈસને રખા હે,
અલ્લાહ કા કરમ ઔર યે મૌલા કી દોઆ હે. ☆

---

આશૂર કો મકતલ મેં ઈમાન નઝર આયા,
તલ્વારોં કે છાવોં મેં કુરઆન નઝર આયા,
લાશા અલી અકબર કા જબ લે કે ચલેં મૌલા,
કુરઆન કી ગોદી મેં કુરઆન નઝર આયા.

---

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ☆

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન–રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ–સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/–**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.